## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ, આ આપણો કવિ-કાર્યકર સુઝાવ આપે છે કે વિકાસ એ પપ્પા છે અને તેના દીકરા પેટ્રોલ-ડિઝલ છે. આ દીકરા તેમના પપ્પાના કહ્યામાં નથી એવી પ્રેસનોટ આપી દો, પછી વાંધો નહીં...!**

# અલખ દરબારનો અજબ શ્વાન પ્રેમ







## ગજબનુ સેવાકાર્ય રખડતા કુતરાઓને રોટલા : શ્વાન માટે રોટલા બનાવવાનુ કામ કરતી ૨૮ મહીલાઓને પણ રોજગારી : જિલ્લાના ૩૭ ગામોમાં કુતરાઓને રોટલા વિતરણ કરવા સવારે ૪ કલાકથી વાન દોડે છે : અલખ દરબાર ફાઉન્ડેશનની આ પ્રવૃતિન ૧૦ માં વર્ષમાં પ્રવેશ નિમિત્તો જમા જાગરણ જયોત પાટોત્સવની ઉજવણી

ગાંધીનગર તા ૨૫

અબોલ પશુઓની વેદના સંવેદના પ્રત્યે મુકદ્રષ્ટા નહીં પરંતુ મુક સેવક બનીને સેવાની મહેંક પ્રસરાવતા અલખ દરબારનો સેવાયજ્ઞ પણ અનોખો છે. કોલવડા સોનીપુર માર્ગ પર સ્થિત અલખ દરબારના આ રોટલા કેન્દ્ર પર છેલ્લા ૯ વર્ષથી શ્વાન પર હેત વરસાવાનુ ઉમદા સેવાકાર્ય કરે છે. વિવિધ ૪૦ ધંધા વેપાર સાથે સંકળાયેલા સેવાભાવી અગ્રણીઓ દ્વારા વર્ષે ૫૦ લાખનો ખર્ચ કરી જિલ્લાના ૩૭ જેટલા ગામોમાં રખડતા શ્વાનને રોટલા ખવડાવે છે. એટલુ જ નહીં શ્વાન માટે રોટલા ઘડતી ૨૮ મહીલાઓને પણ આ કેન્દ્ર મારફતે રોજગારી મળે છે.કોઈપણ સ્વાર્થ નહીં પરંતુ નિસ્વાર્થ સેવાની ભાવનાને બળવત્તર બનાવતા અલખ દરબાર ફાઉન્ડેશનની આ સેવાકીય પ્રવૃતિનો ૨૬ મેં ના રોજ ૧૦ માં વર્ષમાં પ્રવેશ થશે આ નિમિત્તો ફાઉન્ડેશનો જમા જાગરણ પાટાત્સવ અન્વયે વિવિધ કાર્યક્રમોનુ પણ આયોજન કર્યુ છે.

અલખ દરબાર ફાઉન્ડેશન દ્વારા કોલવડા સોનીપુર માર્ગ પર શ્વાન રોટલા કેન્દ્ર કાર્યરત છે. અલખ દરબારના અલ્પેશ પ્રજાપતિ અને નરેન્દ્રસિંહ ચૌહાણ સહીત આ સેવા પ્રવૃતિને ધમધમતી રાખવા માટે ૪૦ જેટલા જુદા જુદા ધંધા વેપાર સાથે જોડાયેલા અગ્રણીઓ એકસંપ થઈ આર્થિક સહયોગ પુરો પાડે છે.આ કેન્દ્ર છેલ્લા ૯ વર્ષથી સેવાની મુંગા શ્વાનને રોટલા ખવડાવાનુ કામ કરે છે. આ સેવાયજ્ઞ પાછળ પ્રતિવર્ષ ૫૦ લાખનો તોતિંગ ખર્ચ થાય છે. અલખના ઓટલે પ્રતિદિન ૬૨૦૦ રોટલા બનાવવામાં આવે છે. જયારે રોટલા બનાવવા માટે ૨૮ મહીલાઓને પણ રોજગારી પુરી પાડવામાં આવે છે. એક મહીલા પ્રતિદિન ૧૨૫ રોટલા બનાવે છે.અલખના ઓટલે શ્વાન માટે રોટલા બનાવાવા માટે વર્ષે ૨૪ લાખ નો ખર્ચ મજુરી પાછળ થાય છે. અલખના ઓટલે રોટલા ઘડતી મહીલાઓ પોતના પરિવાર માટે રોટલા રળવાનો અવસર પણ મળતા સોનામાં સુગંધ ભળે છે. પ્રતિદિન જિલ્લાના ૩૭ જેટલા ગામોમાં કેન્દ્રની વાન મારફતે સવારે ૪ કલાકથી શ્વાન માટે રોટલા લઈ જવાય છે.

જેમાં સરઢવમાં ૨૫૦, કોલવડામાં ૫૫૦,આદરજમાં ૨૫૦, સે-૨૮ જી આઈ ડી સી વિસ્તારમાં ૫૦૦ પેથાપુરમાં ૨૦૦, આ ઉપરાંત શરથા, ઉવારસદ ,મોખાસણ સહીતના ગામોમાં પણ શ્વાન માટે રોટલા પહોંચતા કરવામાં આવે છે. જયારે તા ૨૬ મેં ના રોજ આ રોટલા કેન્દ્રનો ૧૦ વર્ષમાં પ્રવેશ થાય છે. જેને અનુલક્ષી અલખ દરબાર દ્વારા જમા જાગરણ જયોત પાટોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ પાટોત્સવ અન્વયે તા ૨૬ મેં ના રોજ રાત્રિના ૯ઃ૩૦ કલાકે જયોત પ્રાગટય અને રાત્રિના ૧૦ઃ૩૦ કલાકે આરતી સહીત મંગલમય ધાર્મિક અવસરોની ઉજવણી કરાશે. આ ઉપરાંત સ્વ ચિનુભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિના સ્મૃતિ સૌજન્યથી રાકેશ સી પ્રજાપતિના હસ્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમો પણ યોજાશે. આ દરમિયાન જય નારાયણ ભજન મંડળ સરઢવ દ્વારા પણ ભજનો રજુ કરાશે.

## ગુજરાત દલિત એકતા સમિતિ દ્વારા ૨૭મીએ દલિત મહાસંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતમાં દલિતો માટે કામ કરતી વિવિધ સંસ્થાઓને સંગઠિત કરવાના આશયથી ગુજરાત દલિત એકતા સમિતિની રચના કરવામાં આવી છે.

ગુજરાત દલિત એકતા સમિતિ દ્વારા દલિતો-પીડિતો વંચિતો ઉપર વધતા અત્યાચારો સામે સંગઠિત થઈ જાગૃતિ લાવવાના આશયથી તા. ૨૭મી મે ૨૦૧૮ રવિવારે બપોરે ૧૨ કલાકે દેશી લોહાણા વિદ્યાર્થી ભવન કાંકરીયા ફૂટબોલ ગ્રાઉન્ડ સામે અમદાવાદ ખાતે મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં પ્રમુખ સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ અમિતભાઈ ચાવડા, મુખ્ય અતિથિ પદે ધારાસભ્ય શૈલેષ પરમાર, કોંગ્રેસ મહામંત્રી વિજયભાઈ દવે, રાજસ્થાન કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સાંગીલાલ વર્મા, પી.કે. વાલેરા, સુનીલ વાઘેલા, બનાસકાંઠા જિલ્લા પંચાયતના સભ્ય દિનેશભાઈ પરમાર, બાવળાના કોર્પોરેટર પ્રવિણભાઈ ચૌહાણ, મોહનભાઈ પુરબીયા, રામજીભાઈ રાઠોડ, નટુભાઈ પરમાર, નિતિનભાઈ મારૂ, મીનાબેન મકવાણા, લક્ષ્મીબેન વાઘેલા અને ગોપાલભાઈ ચૌહાણ હાજર રહેશે.

## પૂજન ડાન્સ એકેડેમીનો સમર કેમ્પ પૂરબહારમાં



પૂજન ડાન્સ એકેડેમી દ્વારા હાલ સમર કેમ્પ ચાલી રહ્યો છે. જેમાં નાના બાળકો વિવિધ ડાન્સની તાલિમ મેળવી રહ્યા છે. હાલ ડાન્સની તાલિમ મેળવી રહેલા બાળકોના ડાન્સ નિદર્શનનો કાર્યક્રમ આગામી તા. ૯ જુનના રોજ સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે સાંજે ૭.૩૦ કલાકે યોજાશે. તેમજ આ પ્રસંગે મેગા ફેશન શો નું પણ આયોજન પૂજન ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું છે.

## બાસણ ગામમાં પાણી-ગટર લાઈનનું બાકી કામ પૂર્ણ કરવા રજૂઆત

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ બાસણ ગામમાં પાણીની જુની લાઈન બદલવાનુ બાકી હોય તેવા વિસ્તારમાં આ કામગીરી પુર્ણ કરવા માટે તેમજ ગામના પુર્વ ભાગમાં ગટર લાઈનનુ બાકી કામ હાથ ધરવા માટે પણ અસરગ્રસ્ત ખેડુત મંડળે પાટનગર યોજન વિભાગને રજુઆત કરી છે.

ગાંધીનગર અસરગ્રસ્ત ખેડુત મંડળના પ્રમુખ જીલુજી વાઘેલાએ આ અંગે પાટનગર યોજના ભવનના તંત્ર સમક્ષ રજુઆતમાં જણાંવ્યા મુજબ બાસણ ગામમાં પાણીની લાઈનો બદલીને નવી નાંખવામાં આવી હતી. પરંતુ હજુ ૩૦૦ મીટર જેટલી લાઈન નાંખવાનુ કામ બાકી રહી ગયુ છે. જેના લીધે એ વિસ્તારમાં પુરતા દબાણથી પાણી આવતુ નથી. અગાઉ રસ્તાની કામગીરીના લીધે આ કામગીરી બાકી રહી હતી. જયારે આ કામ પણ પુર્ણ કરવા માટે રજુઆતમાં જણાંવ્યુ છે.

આ ઉપરાંત બાસણ ગામના પુર્વ ભાગમાં ગટર લાઈનનુ કામ પણ હાથ ધરવાની અનિવાર્યતા છે. ગામમાં પ્રવેશ થતા જ માર્ગની આસપાસ મકાનો છે. આ વસાહતના રહીશોને ધ્યાને લઈ ગટર લાઈનનુ આયોજન કરવા માટે પણ તેમણે રજુઆતમાં જણાવ્યુ છે.

## ધો-૧૨ સીબીએસઈનું પરિણામ ૨૬મી મેના રોજ જાહેર થશે

અમદાવાદ,તા.૨૫

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન ૨૬મી મેના રોજ ધોરણ ૧૨નુ પરિણામ જાહેર કરશે. રિઝલ્ટની જાહેરાત બોર્ડની ઓફિસિયલ વેબસાઈડ **cbse.nic.in** પર કરવામાં આવશે. આ વર્ષે, માઈક્રોસોફ્ટ તેની એપ **SMS Organiser** દ્વારા વિદ્યાર્થીઓને પરિણામોની માહિતી આપશે. સ્ટુડન્ટ્સને ઑફલાઈન રહેવા પર પણ તેમને તેમના રિઝલ્ટ્સની માહિતી મળી શકશે. સ્ટુડન્ટ્સ જો તેમના પરીક્ષાના નંબર જાણવા માંગે છો તો તેમને પોતાનો રોલ નંબર, સ્કૂલ કોડ અને જન્મ તારીખ સાથે નોંધણી કરવી પડશે.

આ વર્ષે ૨૮ લાખથી વધુ વિદ્યાર્થીઓએ સીબીએસઈમાં ૧૦ અને ૧૨મા ધોરણની પરીક્ષાઓ આપી છે. કુલ ૧૬.૩૮ લાખ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦ની પરીક્ષા આપી છે, જ્યારે ૧૧.૮૬ લાખ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ની પરીક્ષા આપી છે.

## બાલવા ગામનો માણસામાં સમાવેશ કરવા ગ્રામજનો દ્વારા ઉગ્ર માગણી

### હાલ બાલવા ગામનો સમાવેશ કલોલ તાલુકામાં થાય છે કલોલ શહેર બાલવા ગામથી ૩૦ કિ.મીના અંતરે આવેલ છે જયારે માણસા શહેર માત્ર ૯ કિમીના અંતરે આવેલ છે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર-માણસા માર્ગ પર આવેલ બાલવા ગામનો હાલમાં કલોલ તાલુકામાં સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ કલોલ શહેર બાલવા ગામથી ૩૦ કિ.મીના અંતરે આવેલ છે. જયારે માણસા શહેર માત્ર ૯ કિમીના અંતરે આવેલ છે. જેથી ગ્રામજનોની ઉગ્ર રજુઆત છે કે બાલવા ગામનો સમાવેશ કલોલના સ્થાને માણસામાં કરવામાં આવે અને જો આમ તંત્ર દ્વારા નહીં કરવામાં આવે તો ગ્રામજનો દ્વારા આગામી લોકસભાની ચુંટણીનો બહિષ્કાર કરવામાં આવશે, તેવી ચિમકી પણ ગ્રામજનો દ્વારા ઉચ્ચારવામાં આવી છે. ગાંધીનગર શહેરથી બાલવા ગામ અંદાજીત ૧૭ કિમીના અંતરે આવેલ છે. આ ગામનો કલોલ તાલુકામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

બાલવાથી કલોક-૩૫ કિમી. અને માણસા-૮ કિમી.ના અંતરે આવેલું છે. તાલુકા કક્ષાની નાની મોટી તમામ કચેરીઓ કલોલમાં આવેલી છે. જેથી બાલવા ગામના રહીસોને શૈક્ષણિક દાખલાઓ, આવક-જાતિના દાખલા, મહેસુલી કામ જેવા વિવિધ સરકારી કામકાજ માટે છેક કલોલ સુધી ગ્રામજનોને લાંબા થવુ પડે છે. ગ્રામજનોનો સમય પણ વધુ બગડે છે અને આર્થિક રીતે પણ નુકશાન પહોંચે છે. જયારે સરકારી યોજનાઓનો પણ ગ્રામજનો લાભ લઈ શકતા નથી. જયારે બાલવા ગામથી નજીકના અંતરે આવેલ ઉનાવા ગામનો ગાંધીનગર તાલુકામાં સમાવેસ કરાયો છે. ત્યારે તાજેતરમાં જ લીંબોદ્રા ગામનો પણ કલોલ તાલુકામાંથી માણસા તાલુકામાં સમાવેશ કરવામાં આવ્યો છે. હાલની પરિસ્થિતિ એ બાલવા ગામ માણસા વિધાનસભામાં આવે છે. પરંતુ તાલુકો કલોલ લાગી રહ્યો છે.ત્યારે બાલવા ગામને કલોલ તાલુકાના સ્થાને માણસા તાલુકામાં સમાવેશ કરવા ગ્રામજનો દ્વારા અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત સરકાર સમક્ષ કરવામાં આવી છે. પરંતુ આજદિન સુધી ગ્રામજનોનું કોઈ સાંભળતુ નથી. ત્યારે ગ્રામજનોએ બાલવાનો માણસામાં સમાવેશ નહીં થાય તો આગામી સમયમાં લોકસભાની ચુંટણીનો બહિષ્કાર કરવાની ચિમકી ઉચ્ચારી છે.


**KALPA-TARU®**

**POWER TRANSMISSION LIMITED**

Regd. Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector-28, Gandhinagar - 382 028
Tel. : +91 79 2321 4000 Fax : +91 79 2321 1966 E-Mail : mktg@kalpatarupower.com
CIN : L40100GJ1981PLC004281

**EXTRACT OF AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER & YEAR ENDED 31ST MARCH 2018**

(₹ in Lakhs)

| Particulars | Standalone | | | | Consolidated | |
|---|---|---|---|---|---|---|
| | Quarter Ended | | Year ended | | Year ended | |
| | March 31, 2018 | March 31, 2017 | March 31, 2018 | March 31, 2017 | March 31, 2018 | March 31, 2017 |
| Total Income from Operations | 1,93,144 | 1,52,254 | 5,77,850 | 5,01,074 | 8,74,172 | 7,62,915 |
| Net Profit for the period before tax | 16,990 | 12,840 | 49,934 | 40,258 | 46,093 | 29,480 |
| Net Profit for the period after tax (after extraordinary items) | 10,483 | 8,960 | 32,200 | 26,908 | 27,827 | 15,730 |
| Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 10,902 | 8,180 | 32,758 | 26,381 | 28,638 | 14,379 |
| Equity Share Capital (Face Value of ₹2 each) | 3,069 | 3,069 | 3,069 | 3,069 | 3,069 | 3,069 |
| Earnings Per Share of ₹2 each (not annualised) (₹) (before and after extraordinary items) | | | | | | |
| a) Basic | 6.83 | 5.84 | 20.98 | 17.54 | 18.29 | 12.15 |
| b) Diluted | 6.83 | 5.84 | 20.98 | 17.54 | 18.29 | 12.15 |

**Notes :**

1. The above is an extract of the detailed format of quarterly and annual financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchange websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website **www.kalpatarupower.com**.
2. The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on May 25, 2018. The Statutory Auditors of the Company have conducted audit of these financial in terms of Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.
3. The Board of Directors has recommended a dividend of ₹2.50 per equity share of ₹2 each of the company for the financial year 2017-18.
4. The previous period's / year's figures have been regrouped / rearranged wherever considered necessary.

For and on behalf of the Board of Directors

**Place : Mumbai**
**Dated : May 25, 2018**

**Manish Mohnot**
**Managing Director & CEO**
**(DIN : 01229696)**

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:

a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.
b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with rahul.shah@kalpatarupower.com quoting your name and folio number.


## ભાજપનાં મહિલા નગરસેવકો દ્વારા પાણી બચાવવા અંગે જાણકારી અપાઈ



ગાંધીનગર શહેર ભારતીય જનતા પાર્ટીના મહિલા કોર્પોરેટર્સ પ્રવિણાબેન વોરા, હર્ષાબા ધાંધલ, નિલાબેન શુકલ, રીટાબેન પટેલ અને પ્રિતિબેન દવે એ ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીના જળ બચાવો અભિયાન અંતર્ગત દર્દીઓને પાણી બચાવવાની સમજણ આપી હતી અને સ્ટાફના કર્મચારીઓને પાણી લીકેજ બંધ કરવા અપીલ કરાઈ હતી. ઉપરાંત પ્રસુતા બહેનોને શુધ્ધ ઘી નો શીરો વિતરણ કરવામાં આવ્યો હતો. જયારે નવજાત બાળકોને લંગોટ, બાળોતીયાના સેટ વિનામુલ્યે આપવામાં આવ્યા હતા.


